*RAD-1601010101062202*

# RAD-1601010101062202 Seat No. ________

## Third Year B. A. (Sem. VI) (CBCS) Examination

**March - 2019**

## Gujarati (Main)

*(ગુજરાતી વ્યાકરણ, સાહિત્ય સર્જન - લેખન કૌશલ-૬)*

*(Core) (New Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના** : (૧) પાંચ પ્રશ્નો આપેલા છે.
(૨) દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

૧ નીચે આપેલાં કાવ્યનું રસદર્શન કરાવો : **૧૪**

રમીએ હોડી હોડી

ચાલો ને રમીએ હોડી હોડી
ચાલો ને, ચાલો ને. - ચાલો ને.
વરસ્યો વરસાદ ખૂબ આજે મુશળધાર,
ઝરણાં નાના જાય દોડી દોડી. - ચાલો ને.
બાપુનાં છાપાં નક્કામા થોથાં
કાપીકૂપીને કરીએ હોડી. - ચાલો ને.
સાદી ને સઢવાળી, નાની ને મોટી
મૂકીએ પવનમાં છોડી છોડી. - ચાલો ને.
ખાલી રાખેલી ઊંધી વળે તો
પાંદડા ને ફૂલ ભરું તોડી તોડી - ચાલો ને.
જાશે દરિયાપાર પરીઓના દેશમાં
સૌથી પહેલી, દોસ્ત ! મારી હોડી. - ચાલો ને.
- પિનાકિન ત્રિવેદી

**અથવા**

૧ નીચેના કાવ્યનો આસ્વાદ કરો : **૧૪**

જૂનું તો થયું રે દેવળ

જૂનું તો થયું રે, દેવળ જૂનું તો થયું;
મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું.
આ રે કાયા રે હંસા, ડોલવાને લાગી રે;
પડી ગયા દાંત, માંયલી રેખું તો રહી. - મારો.
તારે ને મારે હંસા, પ્રીત્યું બંધાણી રે;
ઊડી ગયો હંસ, પીંજર પડી રે રહ્યું. - મારો.
બાઈ મીરાં કે પ્રભુ ગિરિધરના ગુણ;
પ્રેમનો પ્યાલો તમને પાઉં ને પીઉં. - મારો.

૨ વર્તમાન સમયે મધ્યકાલીન સાહિત્યનાં સંશોધન - સંપાદનમાં થતી સમસ્યાઓની વિગતે છણાવટ કરો. ૧૪

**અથવા**

૨ મધ્યકાલીન સાહિત્યના સંશોધક - સંપાદકમાં હોવી જોઈતી યોગ્યતા વિશે તમારો અભિપ્રાય વિસ્તારથી સ્પષ્ટ કરો. ૧૪

૩ જોડણી ભેદે થતા અર્થભેદ સમજાવી સાત ઉદાહરણ આપો. ૧૪

**અથવા**

૩ જોડણી એટલે શું ? વિસ્તૃત ચર્ચા કરો. ૧૪

૪ સર્જનાત્મક લેખન અભિવ્યક્તિ એટલે શું ? સર્જનાત્મક લેખન અંગે કઈ કઈ બાબતોની કાળજી રાખવી જોઈએ ? ૧૪

**અથવા**

૪ તમારી સંસ્થામાં યોજાઈ ગયેલાં બ્લડ ડોનેશન કેમ્પના અહેવાલનું સર્જનાત્મક લેખન કરો. ૧૪

૫ નીચેનામાંથી કોઈ પણ **બે**નાં જવાબ આપો : ૧૪

(અ) ગુજરાતી લેખનમાં સંધિ એટલે શું ? સમજાવો.

(બ) વ્યંજન સંધિ સમજાવી પાંચ ઉદાહરણો આપો.

(ક) સ્વર સંધિ સમજાવી પાંચ ઉદાહરણો આપો.

(ડ) વિસર્ગ સંધિ સમજાવી પાંચ ઉદાહરણો આપો.